અંજારની સ્વામી વિવેકાનંદ હાઇસ્કૂલના વિદ્યાર્થીઓને આપત્તિ સામે રક્ષણ મેળવવા તાલીમ અપાઇ ત્યારનું દૃશ્ય.

અચાનક આગ ફાટી નીકળે તો સંરક્ષણ માટે શું પગલાં લેશો ?

અંજાર, તા. ૫ : અહીંની નગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદ હાઇસ્કૂલ મધ્યે સુરક્ષા સપ્તાહના ભાગરૂપે અચાનક આગ ફાટી નીકળે તો સંરક્ષણ માટે શું પગલાં ભરવા તેની સમજ વિદ્યાર્થીઓ અને શિક્ષકગણને આપવા માટે એક મોકડ્રીલ યોજવામાં આવી હતી.

સુધરાઇના મુખ્ય અધિકારી સંજયભાઇ પટેલની સૂચના અને માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ મોકડ્રીલમાં વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. ત્યારબાદ શિક્ષકો અને વિદ્યાર્થીવર્ગ દ્વારા રજૂ થયેલા પ્રશ્નોનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હાઇસ્કૂલના ઇન્ચાર્જ અશોકભાઇ ભીન્ડે તથા એન.સી.સી. કમાન્ડર દિલીપભાઇ પરમાર દ્વારા આ

અંજાર નગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદ હાઇસ્કૂલમાં મોકડ્રીલ યોજાઇ

મોકડ્રીલ દ્વારા સરળ ભાષામાં અપાયેલી સમજ બદલ નગરપાલિકાનો આભાર માની ભવિષ્યમાં આગની પરિસ્થિતિ સર્જાય તો ઝઝૂમવા આત્મવિશ્વાસથી કામ લેવા વિદ્યાર્થીવર્ગને અનુરોધ કરાયો હતો. અંજાર નગરપાલિકાના ફાયર ઓફિસર ભરતભાઇ ટી. ઠક્કર, સેનિ. સબ ઇન્સ્પેક્ટર તેજપાલભાઇ લોચાણી, મહેન્દ્રભાઇ એન. ભટ્ટ, સૂરજમલ ભંવરલાલ, હિતેશભાઇ વિ.એ મોકડ્રીલમાં કામગીરી કરી હતી.

પલાંસવામાં શાંતિનાથજી દાદાની ધ્વજારોહણ સહિતની ઉજવણી થઇ

ગાંધીધામ, તા. ૫ : પલાસવા શ્વેતામ્બર મૂર્તિપૂજક વીસા શ્રીમાળી સંઘ સંચાલિત ૧૬મા શાંતિનાથ દાદાની નવમી ધ્વજારોહણ તથા વિજયકનક સૂરિશ્વરજી અને ગગુણાશ્રીજી સાધ્વી મહારાજના આશીર્વાદ સાથે આ મહોત્સવને આનંદપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

આ વેળાએ શાંતિનાથ દાદાની ધ્વજારોહણનો લાભ શાંતાબેન વેલજી મણિયાર પરિવાર, કનકસૂરિશ્વરજીની મૂર્તિના ગુરુ મંદિરના ધ્વજ આરોહરણનો લાભ લીલાવંતીબેન ચમનલાલ ચંદુરા પરિવાર તથા માણીભદ્ર વીરની ધ્વજા આરોહરણનો લાભ ખીમીબેન નારાણજી ત્રેવાડિયા પરિવારને આપવામાં આવ્યો હતો. આ મહોત્સવ નિમિત્તે અઢાર અભિષેક, હીરા જડિત આંગી, બન્ને દિવસોએ ત્રણેય સમયનું સાધાર્મિક ભક્તિનો લાભ સંઘના પરિવાર દ્વારા લેવામાં આવ્યો હતો. આ પ્રસંગે દશમી ધ્વજારોહણનો લાભ લેવા નામો નક્કી કરવામાં આવ્યા હતા. આ અવસરે મુંબઇ, વલસાડ, સુરત, આણંદ, અમદાવાદ, મહેસાણા, ભુજ, અંજાર, ગાંધીધામ, ભચાઉ, ગાગોદર, કિડિયાનગર વગેરે ગામોના હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. વિધિકાર દીપકભાઇ કોઠારી અને સંગીતકાર કશ્યપ નાયકએ લોકોને ભક્તિના રસમાં તલ્લીન કર્યા હતા. પલાસવા સંઘના ટ્રસ્ટ મંડળના સભ્યો ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવવા સહકાર આપ્યો હતો.

રેલવે રાજ્યમંત્રીના કાર્યક્રમમાં જ બે ભાજપી બાખડી પડયા !

ગાંધીધામ, તા. ૫ : હસસફર એક્સપ્રેસનો આરંભ કરાવવાના રેલવે સ્ટેશન ખાતે કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાયેલા સમારોહમાં જ ભાજપના બે નેતાઓ વચ્ચે અભદ્ર ભાષા સાથે ઉગ્ર બોલાચાલી થતાં જાહેરમાં શિસ્તબદ્ધ પક્ષના શિસ્તના લીરેલીરા ઊડયા હતા.

આ અંગે જાણવા મળતી વિગતો મુજબ સમારોહમાં બેસવા માટે ખુરશીઓ ઓછી હતી જેથી બેઠક મામલે જ સુધરાઇના પદાધિકારી અને એક પૂર્વ પ્રજાકીય પ્રતિનિધિ વચ્ચે રેલવે રાજ્ય મંત્રીની ઉપસ્થિતિમાં જ બોલાચાલી થઇ પડી હતી. બોલાચાલી ઉગ્ર બનતાં અભદ્ર શબ્દ પ્રયોગ અને મારી નાખવાની ધમકી સુધી વાત પહોંચી ગઇ હતી.

બે નેતાઓ વચ્ચે અભદ્ર ભાષાની આપલે થતાં નાલેશી

આ બનાવના પગલે પક્ષના ઉપસ્થિત લોકો પણ સ્તબ્ધ થઇ ગયા હતા. આ સમગ્ર મામલો જિલ્લા કક્ષાના પદાધિકારી સુધી પહોંચ્યો હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. ખુરશીના મુદે થયેલી બોલાચાલીનો મુદ્દો શહેરમાં ચર્ચાની એરણે ચડયો હતો.

કચ્છના ઉદ્યોગોમાં સ્થાનિકોને અન્યાયની ફરી ઊઠી ફરિયાદ

ગાંધીધામ, તા. ૫ : કચ્છના ઔદ્યોગિક એકમોમાં નિયમ મુજબ સ્થાનિકોને નોકરી આપવા સહિતના મુદે શહેરના જાગૃત કાર્યકરે જિલ્લા કલેક્ટર સમક્ષ લેખિત રજૂઆત કરી હતી.

સામાજિક કાર્યકર નાગશી માતંગે જિલ્લા કલેક્ટરને રજૂઆત કરતાં પત્રમાં જણાવ્યું હતુ કે ઔદ્યોગિક એકમમાં સ્થાનિકોને નોકરી આપવાના હેતુને ધ્યાનમાં રાખવામાં આવતો નથી. આ ઉપરાંત કેટલાક સ્થાનિકોને કામે રાખીને મજૂરીનું કામ કરાવવામાં આવે છે. તો બીજી બાજુ પર પ્રાંતીયોને સારા હોદા પર નોકરી આપવામાં આવે છે.

કચ્છની મોટાભાગની જમીનો ઔદ્યોગિક એકમોને આપી દેવાઇ છે. એકમો દ્વારા સરકારી લાભો મેળવવા પૂરતી કંપની ચાલુ રાખવામાં આવે છે. ત્યારબાદ તેને એકાએક બંધ કરી દેવામાં આવે છે.

અંજાર-ગાંધીધામમાં જાતિના દાખલા કઢાવવા અંગે પરપ્રાંતીય લોકોને સ્થાનિક લોકોની ભળતી જાતિ તથા અટકના આધારે દાખલો અપાતો હોવાનો આક્ષેપ તેમણે કર્યો હતો. આ અંગે તપાસ કરવા તેઓએ માંગ કરી હતી.

ગાંધીધામ રેલવે સ્ટેશન પર ઉતારુ રિક્ષા પાછી વાળતા સુરક્ષા કર્મીઓ તસવીરમાં નજરે પડે છે.

રેલવે રાજ્યમંત્રીની મુલાકાતથી ગાંધીધામ સ્ટેશને પ્રવાસીઓ મુશ્કેલીમાં મુકાયા

ગાંધીધામ, તા. ૫ : અહીંથી તિરુનલવેલી જતી આધુનિક હમસફર એક્સપ્રેસને લીલીઝંડી આપવા આવેલા રેલવે રાજ્યમંત્રી માટે રસ્તા ખુલ્લા રાખવા આજે પોલીસે બળનું પ્રદર્શન કરીને ખાનગી વાહનો, રિક્ષા, છકડા વગેરેમાં સ્ટેશને આવતા પ્રવાસીઓને સામાન સહિત અધવચ્ચે ઉતારી દેતાં મુશ્કેલી ઊભી કરી હતી.

રેલવે સેવા ઉતારુઓને કારણે જ ચાલતી હોવાથી ઉતારુઓને સ્ટેશને જતા અટકાવવા એ ક્યા પ્રકારની સુરક્ષા વ્યવસ્થા છે તેવો પ્રશ્ન ખડો થયો હતો. રેલવે પ્રોટેક્શન ફોર્સ, ગુજરાત રેલવે પોલીસના જવાનો આજે મોટી માત્રામાં રાજ્યમંત્રીની સુરક્ષામાં ખડકાઇ ગયા હતા.

સવારે ૯.૩૦ વાગ્યે શરૂ થનારા ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં પહોંચવા કે આ નવી હમસફર એક્સપ્રેસમાં સફર કરવા માગતા ઉતારુઓ, અગ્રણી નાગરિકોને આ જવાનોએ રીતસર ગુનેગાર સમજીને હકલાવવા માંડતાં લોકોમાં નારાજગી પ્રવર્તી હતી.

પોલીસે બળનું પ્રદર્શન કરીને વાહનમાં આવતા ઉતારુઓને અટકાવ્યા

પોલીસ જવાનોની એ ગેરવર્તણૂક ઘણા પત્રકારોના કેમેરામાઓમાં કેદ પણ થઇ ગઇ હતી. વાહનો પાર્ક કરાવવાથી માંડીને રસ્તા ખુલ્લા રાખવામાં પોલીસે રીતસર જડવર્તન દાખવ્યું હતું. ઉપરી અધિકારીઓના કાને વાત પહોંચતાં પછી તેમને દરમ્યાનગીરી કરવી પડી હતી.

અભિનંદન-જન્મદિનની શુભેચ્છા
મહેશ્વરી સમાજનું ગૌરવ

Er. સિદ્ધાર્થ દિપક ચાવડા
B.E. Electrical Engineer
SPI - 8.90 - CGPA - 8.85

સિદ્ધાર્થ... આજરોજ તારા જન્મદિવસ નિમિત્તે અંતરની શુભેચ્છા...એવં ઉપરોક્ત ડીગ્રી મેળવીને પરિવાર - સમાજનું નામ રોશન કરેલ છે તે બદલ તને અભિનંદન... ઉત્તરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના...

:: શુભેચ્છક ::
રેખા મહેશ્વરી - બહેન
સીમા અશોક બળગા - બહેન-બનેવી
નંદા શીવજી વિસરીયા - બહેન-બનેવી
ઉર્વી મુકેશ ધેડા - બહેન-બનેવી

FASHION MANTRA
Wedding & Lifestyle
EXHIBITION
SINCE 2007 PROVIDING PLATFORM OF FASHION & LIFESTYLE
GANDHIDHAM એન્ટ્રી ફ્રી
5 & 6
JULY- 2018
10:00 am to 8:00 pm
at NEXUS CLUB
SINDHU BHAVAN, GANDHIDHAM
મુખ્ય આકર્ષણ
એન્ટીક રીયલ ગોલ્ડ તથા ડાયમંડ જવેલરી

31 Best Designers From India.
એકસકલુઝીવ ડ્રેસ મટીરીયલ્સ, ડીઝાઇનર સારીઝ, કુર્તી અને વેસ્ટર્ન આઉટફીટ, જ્વેલરી, બેગ, પર્સ, ફેશન એસેસરીઝ, કુટવેર અને બીજુ ઘણું બધું....
☎ 92282 21711 / 88662 10101

ડિવાઈન લાઈફ હોસ્પિટલ,આદિપુર દ્વારા આયોજીત
DIVINE LIFE HOSPITAL
નિઃશુલ્ક મેગા સુપર સ્પેશ્યાલિટી કેમ્પ
સ્થળ : ડિવાઈન લાઈફ હોસ્પિટલ
પોસ્ટ ઓફીસ રોડ, વોર્ડ નં.૨એ, આદિપુર, ફોન : 02836-260577, 263245
તારીખ અને સમય : ૦૮-૦૭-૨૦૧૮, સવારે ૧૦.૦૦ થી ૨.૦૦
આ કેમ્પમાં સેવા આપનાર નામાંકિત ડોકટરો

- **ડો.કુણાલ પઢીયાર** (M.D.,DM) (ન્યુરોફીઝીશીયન), બ્રેઈન સ્ટ્રોક, પેરાલીસીસ, સતત માથાનો દુઃખાવો, ચક્કર આવવા
- **ડો.ગજેન્દ્ર ઓડેદરા** (M.D.,DNB) (ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ) પેટ,આંતર,લીવર, સ્વાદુપીંડ તથા એન્ડોસ્કોપીના સ્પેશ્યાલીસ્ટ
- **ડો.મંથન કંસારા** (DNB) (નેફ્રોલોજીસ્ટ) કિડનીના રોગોના નિષ્ણાંત ડોક્ટર
- **ડો.કલ્પેશ બજાણીયા** (M.S.,FISS) (સ્પાઈન સર્જન) હાથ પગમાં નસોનો દુઃખાવો,કમરના મણકાની તકલીફ, સ્લીપ ડીસ્ક-સાયટીકા
- **ડો.વરૂણ પટેલ** (DNB) (ચેસ્ટ ફીઝીશીયન) શ્વાસ, દમ તથા છાતીનાં રોગોના નિષ્ણાંત ડોક્ટર
- **ડો.મૌલિક પટેલ** (DNB) (ફીઝીશીયન) થાઈરોઈડ, બ્લડપ્રેશર, શ્વાસ અને હૃદયરોગના નિષ્ણાંત ડોક્ટર
- **ડો.નાઝ હમદુલે** (M.D.) (ફીઝીશીયન) થાઈરોઈડ, બ્લડપ્રેશર, શ્વાસ અને હૃદયરોગના નિષ્ણાંત ડોક્ટર
- **ડો.પ્રવિણ બગડીઆ** (M.S.Fellowship in Joint Replacement and Arthoscopy) જોઈન્ટ રીપ્લેસમેન્ટ તથા આર્થોસ્કોપી સર્જન, હાડકાના રોગોના નિષ્ણાંત ડોક્ટર
- **ડો.ભાવેશ પટેલ** (M.S.) (જનરલ એન્ડ લેપ્રોસ્કોપી સર્જન) ગોલ બ્લેડર સ્ટોન, પથરી,એપેન્ડીક્ષ,સારણગાંઠ,વધરાવળ,હરસ,છાતીની ગાંઠ,રસોળી, પાઈલ્સ, ફીશર
- **ડો.મિતેષ મોદી** (M.S.) (જનરલ સર્જન) ગોલ બ્લેડર સ્ટોન,પથરી, એપેન્ડીક્ષ,સારણગાંઠ,વધરાવળ,હરસ,છાતીની ગાંઠ,રસોળી, પાઈલ્સ, ફીશર
- **ડો.કિમી પટેલ** (M.B.DMRD) સોનોગ્રાફી,એક્સ-રે, કલર ડોપ્લર, સીટીસ્કેનના નિષ્ણાંત
- **ડો.શીતલ ત્રેવાડીયા** (M.B.D.C.P.) કન્સલટન્ટ પેથોલોજીસ્ટ

કેમ્પમાં બ્લડ સુગરની તપાસ, ECG,BMDની તપાસ નિઃશુલ્ક કરી આપવામાં આવશે

- કેમ્પમાં નામ નોંધાયેલ દર્દીઓને ઓપરેશનની જરૂર જણાશે તો રાહતદરે કરી આપવામાં આવશે.
- કેમ્પમાં નામ નોંધાયેલ દર્દીઓને દુરબીન વડે આંતરડાની તપાસ એન્ડોસ્કોપી અને COLONOSCOPY રાહતદરે કરી આપવામાં આવશે.
- લેબોરેટરી તપાસ, સોનોગ્રાફી, ડિજીટલ એક્સ-રેમાં ૫૦% અને દવામાં ૧૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
- દરેક દર્દીએ પોતાનાં જુના રીપોર્ટ અને દવા જે લેતા હોય તે સાથે લાવવી જરૂરી છે.

આજે જ મુલાકાત લો
It's Time to Fly

જન્માષ્ટમી/દિવાળી વેકેશનમાં માણો વિદેશની સોનેરી સફર કેશવી સંગ
સ્પે. ઓફર રેઈટ ટુંક સમય માટે / બુકીંગ ઓપન

8D	10D	9D	5D	7D
સિંગાપુર મલેશીયા-ક્રૂઝ	સિંગાપુર મલેશીયા-થાઈલેન્ડ	બેંકકોક પટાયા-ફુકેટ-ક્રાબી	દુબઈ	શ્રીલંકા Ex.Mumbai
Date: 1 Sep. 5 & 7 Nov.	Date: 1 Sep. 5 & 7 Nov.	Date: 1 Sep. 5 & 7 Nov.	Date: 1 Sep. 5 & 7 Nov.	Date: 1 Sep. 5 & 7 Nov.
₹85,000/-	₹70,000/-	₹55,000/-	₹45,000/-	₹45,000/-

બ્રેકફાસ્ટ - ડીનર/થ્રી સ્ટાર હોટેલ/ (EX.Ahm.) વિઝા /સાઈટસીન /એર ટીકીટ/ટ્રાન્સફર સાથે
બેન્કીંગ સર્કલ, શોપ નં.૧૯, ગોકુલપાર્ક, એક્સીસ બેન્ક પાસે, ગાંધીધામ કચ્છ
KESAVI Tours & Travels Pvt. Ltd.
Call: 95867 38080 / 95863 48080

મથડા જત સમાજનું ગૌરવ

જત નુસરતબાનુ જુસબભાઇ
D.EL.ED-2 (90%)
(જિલ્લામાં ટોપટેન, કોલેજમાં પ્રથમ)

જત મહેફુઝાબાનુ જુસબભાઇ
D.EL.ED-1 (80%)

આપ બન્ને બહેનોએ D.EL.ED-1 અને 2 માં સારા ટકા મેળવી જત સમાજનું ગૌરવ વધાર્યું છે. તે બદલ ખૂબ ખૂબ મુબારકબાદી. આપ બન્ને શૈક્ષણિક અને ધાર્મિક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતી કરી વધુને વધુ નામના મેળવો તેવી દિલની દુઆ.

શુભેચ્છકો
જત ભચીબેન મ.ગનીભાઇ (દાદા-દાદી)
જત હાજીયાણી ઝૈનબબેન હાજી ઇબ્રાહીમભાઇ (નાના-નાની)
જત હમીદાબેન જુસબભાઇ (પપ્પા-મમ્મી)
જત સમીરાબેન અનવરભાઇ (મામા-મામી)
જત સરોજબેન નઝીમભાઇ (મામા-મામી)
જત આસીયાબેન અઝીઝભાઇ (મામા-મામી)
જત જમીલાબેન શાબાનભાઇ (માસા-માસી)
જત અહમદરઝા જુસબભાઇ (ભાઇ)

વંદે માતરમ્ વંદે માતરમ્
તીર્થભૂમિ બિદડાના તેજ ગતિના વિકાસ માટે
ક્ષત્રિયવીરને શુભકામનાઓ...

મા. શ્રી વીરેન્દ્રસિંહ જાડેજા
ધારાસભ્યશ્રી, માંડવી-મુંદરા

બિદડાના સર્વાંગી વિકાસને વેગવાન બનાવવાની સાથે વિવિધ વિકાસ કામો ૧ કરોડના ખર્ચે સાકાર થયા છે. ૩૦ લાખના ખર્ચે પાણી યોજના, ગટર લાઈન, પાણી લાઈન, ઈન્ટર લોક, રોડલાઈટ સહિતના પ્રજાલક્ષી કામો સાકાર કરી ભાજપની કેન્દ્ર અને રાજ્ય સરકાર ગ્રામીણ વિકાસને જેટ ગતિએ સાર્થક કરી રહી છે. મા. ધારાસભ્યશ્રી વીરેન્દ્રસિંહ જાડેજાનો બિદડાના વિકાસને તેજ બનાવવા બદલ અંતઃકરણપૂર્વક આભાર...

લિ. સુરેશ વલ્લભજી સંઘાર
સરપંચશ્રી, બિદડા ગ્રામ પંચાયત
સમસ્ત સદસ્યગણ અને ગ્રામજનો, ગામ-બિદડા, તા. માંડવી-કચ્છ.

શ્રી ક.વી.ઓ. જૈન મહાજન-ભુજ તથા શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ આયોજીત
નિઃશુલ્ક કિડની તથા પેશાબના રોગોનો મેગા મેડિકલ ચેકઅપ કેમ્પ
અષાઢી બીજ, તા.૧૪/૭/૨૦૧૮, શનિવાર
સમય : સવારે ૯:૦૦ થી ૧:૦૦
- ડૉ.નરેન્દ્ર દેઢીયા (નેફ્રોલોજીસ્ટ) : મુંબઇ
- ડૉ.કૌશિક શાહ (એમ.એસ.) : માંડવી
- ડૉ.નૌશાદ ખત્રી (યુરોલોજી) : ભુજ

સ્થળ : શ્રી ક.વી.ઓ જૈન મહાજન
વિજયનગર, જી.ઇ.બી.હેડ ઓફિસની સામે, ભુજ
નામ નોંધણી ચાલુ છે : (02832) 255318, 223821

તા.ક. : માં અમૃતમ્ યોજના હેઠળ કાર્ડ ધારકોને પથરીના ઓપરેશન વિનામૂલ્યે કરી આપવામાં આવશે

ખાસ નોંધ : દર્દીઓએ જુના રિપોર્ટ તથા એક્સ-રે સાથે લાવવા.



વાસણભાઇ ગોપાલ આહિર

અ ભિ નં દ ન



હિમતદાન હમીરજી ગઢવી

શ્રી વાસણભાઇ ગોપાલ આહિરને પાંચમીવાર અખીલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન ના પ્રમુખ બનવા બદલ ખૂબ ખૂબ અભિનંદન

શ્રી હિમતદાન હમીરજી ગઢવીને કચ્છ ઝોનના ઉપપ્રમુખ બનાવવા બદલ શ્રી વાસણભાઇ ગોપાલ આહિર(મામાશ્રી)નો આભાર. આપશ્રીની અધ્યક્ષતા હેઠળ ટ્રાન્સપોર્ટ ઉદ્યોગની પ્રગતિ થાય તેવી આશા સાથે શુભેચ્છા પાઠવીએ છીએ.

વી.એમ. રોડલાઈન્સ ગાંધીધામ

"શતમ્ જીવ શરદઃ"
અંતરની શુભેચ્છા

કુંજલતા રશ્મિ સાવલા
જન્મદિનની વધાઈ...
આજના શુભદિને જ્યારે આપશ્રી જીવનનાં ૭૯ વર્ષમાં પ્રવેશો છો ત્યારે અમારા સહુના કોટી કોટી વંદન સ્વીકારશો. આપના સાનિધ્યમાં રહીને આપનો લાગણીસભર સ્વભાવ અમને હંમેશા પ્રેરણા આપે છે. પ્રભુ આપને શાંતિ, દિર્ઘાયુ, સમૃધ્ધિસભર જીવન પ્રદાન કરે એવી પ્રાર્થના...
આપના જ...
- અલ્પા-સુકેતુ રશ્મિ સાવલા-મુંબઇ
- ડીમ્પલ-સંજય વિશનજી વોરા (ડી.કે. ગ્રુપ-બોરીવલી-ગેલડા)
- નિરૂબેન ભરતભાઇ હિરાલાલ ઠાકર-ગાંધીનગર
- નલિની ઇશ્વરભાઇ ચૌધરી-જોધપુર
- આર્ટ કોર્નર-ભુજ
- ઇન્નરવ્હીલ કલબ (ભુજ)
- અજરામર વિદ્યાલય (જુનો સ્ટાફ)

હાર્દિક અભિનંદન-વધાઈ...
વધે તમારી નામના એવી અમારી શુભકામના
ગેડી ગામનું ગૌરવ

આપશ્રીઓની ગૌરવવંતા પદે વરણી થવા બદલ ખૂબ-ખૂબ અભિનંદન, આપશ્રીઓ રાજકીય તેમજ સામાજિક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરતા રહો તેવી અંતરની શુભકામના સહ ખૂબ-ખૂબ શુભેચ્છાઓ.



શ્રીમતી હરખીબેન ડાયાભાઇ વાઘાણી
પ્રમુખશ્રી, રાપર તાલુકા પંચાયત

માન. શ્રી ડાયાભાઇ ખીમાભાઇ વાઘાણી (ઉર્ફે દૈયા)
પેનલના પ્રણેતા

શુભેચ્છક
- મકવાણા લખમણભાઈ વજાભાઈ
- રાઠોડ દિનેશભાઈ કરશનભાઈ
- પરમાર પ્રકાશભાઈ પાંચાભાઈ
- સોલંકી નરેન્દ્રભાઈ દેવાભાઈ
- રાઠોડ સવાભાઈ રામાભાઈ
- ડોડિયા સુરેશભાઈ કુંભાભાઈ
- સિંધવ વેલજીભાઈ નારણભાઈ
- રાઠોડ વરસંગભાઈ ભવાનભાઈ
- રાઠોડ નરેન્દ્રભાઈ રાણાભાઈ
- વાઘાણી દાનાભાઈ ભીમાભાઈ
- સુવર માલજીભાઈ બાબુભાઈ
- મકવાણા વેલજીભાઈ પચાભાઈ

ભારતીય સ્ટેટ બેન્ક
અંજાર મેઈન બ્રાંચ (00314)
ટાઉન હોલ, અંજાર, કચ્છ, ગુજરાત.
Ph. 02836-242659 Email : sbi.00314@sbi.co.in

સાંકેતીક કબજા નોટીસ (સ્થાવર મિલ્કત માટે)

આથી નિચે સહી કરનાર અધીકૃત અધીકારી **ભારતીય સ્ટેટ બેન્ક** સિક્યુરીટાઇઝેશન એન્ડ રીકન્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ તથા સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ સહિત વંચાતી કલમ ૧૩(૨) અંતર્ગત મળેલી સત્તાની રૂએ **તા.૦૫/૦૪/૨૦૧૮**ના રોજ માંગણા નોટીસ જારી કરીને દેવાદાર/જામીનદાર/ગીરવેદાર **મેસર્સ ઠાકર કિશોર ગોકુલદાસ અને (૧) શ્રી કિશોર ગોકુલદાસ ઠાકર અને (૨) શ્રી જીગ્નેશ કિશોર ઠાકર (ગેરેંટર)**ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા.૨૦,૩૧,૫૬૪ (વીસ લાખ એકત્રીસ હજાર, પાંચસો ચોસઠ પુરા) તા.૩૧/૦૩/૨૦૧૮** ના રોજ આકસ્મીક ખર્ચાઓ સહિતની રકમ ઉપરોક્ત નોટીસ મળ્યાનાં ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર/ગીરવેદાર ઉપરોક્ત રકમ પરત ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી દેવાદાર/જામીનદાર/ગીરવેદાર તથા જાહેર જનતાને નોટીસ દ્વારા જણાવવામાં આવે છે કે ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વંચાણે લેતા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૪) હેઠળ તેમને/તેણીને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ મિલ્કતનો **સાંકેતીક કબજો** અધિકૃત અધિકારીએ **તા.૩૦/૦૬/૨૦૧૮** ના રોજ લીધેલ છે.

ખાસ કરીને ઉધારકર્તા અને જાહેર જનતાને આથી સદરહું મિલ્કત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે અને સદરહું મિલ્કત અંગે કરેલ કોઈપણ વ્યવહાર **ભારતીય સ્ટેટ બેંક**ની રકમ **રૂા.૨૦,૩૧,૫૬૪ (વીસ લાખ એકત્રીસ હજાર, પાંચસો ચોસઠ પુરા)** તથા આગળનું વ્યાજ તથા આકસ્મીક ખર્ચાઓ સહિતની રકમના બોજાને આધિન રહેશે.

સ્થાવર મિલ્કતનું વર્ણન

મિલ્કતના બધા ભાગ તથા હિસ્સા કે જે રહેણાંકીય મિલ્કત, ફલેટ નં./પ્લોટ નં.એલ-૬૫, જેનો રે.સર્વે નં.૯૮૪ પૈકી, ગુજરાત હાઉસીંગ બોર્ડ કોલોની નોંધાયેલ રજીસ્ટ્રેશન જે અંજાર તાલુકા ખાતે નોંધાયેલ છે અને જીલ્લો કચ્છ તે શ્રી કિશોર ગોકુલદાસ ઠાકર

ઉત્તર : એસોસીએટ્સ જમીન અને GHB બાઉન્ડ્રી
દક્ષિણ : રોડ, પૂર્વ : મકાન નં.એલ-૬૬ , પશ્ચિમ :મકાન નં. એલ-૬૪

તારીખ : ૦૫/૦૭/૨૦૧૮
સ્થળ : અંજાર

સહી
અધિકૃત અધિકારી અને ચીફ મેનેજર
ભારતીય સ્ટેટ બેંક, અંજાર મેઈન બ્રાંચ

VEERAYATAN - KUTCH
Bhuj- Mandvi Road, Haripar, Mandvi- Kutch, Gujarat- 370460
ADMISSIONS OPEN
ON MANAGEMENT QUOTA SEATS (2018-'19)
FOR DEGREE, DIPLOMA ENGINEERING & DEGREE PHARMACY COURSES

Applications are invited from students meeting with eligibility criteria as prescribed by ACPC/ ACPDC for admission in 1st Year courses of B.E, D.E & B. Pharm on MQ seats (25% intake). MQ admission forms are available at campus as per schedule given below:

Name of college	Course	Date for issue & receipt of Forms	Declaration of Merit List	Date of Counseling
Veerayatan Institute of Engineering	B.E.	7th to 14th July, 2018	16.07.2018	25.07.2018
	D.E.	9th to 14th July, 2018	16.07.2018	25.07.2018
Veerayatan Polytechnic	D.E.	9th to 14th July, 2018	16.07.2018	25.07.2018
Veerayatan Institute of Pharmacy	B.Pharm.	1st to 7th Aug, 2018	08.08.2018	18.08.2018

Contact No. : Engineering : 98253 72990/ 9825372464, Pharmacy: 9825372991/ 8200517941